**એમ.એ.સી.પી નં.૧૧૭૩/૧૬**

## મો.વ્હી.એ.ક.૧૪૦ મુજબ આંક.૫ લગત હુકમ

(૧) આ કામે અરજદારે મો.વ્હી.એ.ક.૧૪૦ હેઠળ વચગાળાનું વળતર રૂા.૨૫,૦૦૦/–મેળવવા આંક.૩ થી અરજી કરેલી છે. આ કામે અકસ્માતમાં સંડોવાયેલ વાહનના માલીક અને વીમા કંપનીને પક્ષકાર તરીકે જોડેલા છે. અરજદારે પોતાને થયેલી ઈજા માટે ઈજાનું ડોકટરી સર્ટી.રજુ કરેલ છે.

(૨) આ કામે સામાવાળાઓને નોટીસ કાઢવામાં આવેલ છે.જે નોટીસ સામા.નં.૧,૨ ને બજી ગયેલ છે. સામા.નં.૨ વીમા કંપનીને નોટીસ બજી જતા વીમા કંપની તરફે વિ.વ.શ્રી ડી.કે.દરજી હાજર થયેલા છે. વીમા કંપનીના વિ.વ.શ્રીએ સદર અરજી ઉપર શેરો મારેલ છે કે મુખ્ય કલેઈમની તમામ તકરારો ઉભી રાખી મો.વ્હી.એ.ક.૧૪૦ નો હુકમ કરવામાં આવે તો વાંધો નથી.

(૩) આ કામે અરજદારે મો.વ્હી.એ.ક.૧૪૦ હેઠળ વાહનની સંડોવણી પુરવાર કરેલી છે. અકસ્માતમાં વાહન સંડોવાયેલ છે તેની આર.સી.બુકની નકલ આ કામે રજુ કરવામાં આવેલ છે અને સદર વાહનની વીમા પોલીસીની નકલ રજુ કરેલ છે અને અરજદારને અકસ્માતમાં થયેલી ઈજાને કારણે કાયમી ખોડ આવેલ છે તે અંગે ઈન્જરી સર્ટી. તથા કાયમી ખોડનું સર્ટી.રજુ કરવામાં આવેલ છે તેથી અકસ્માતમાં સગીર અરજદારને ઈજા થયેલાનું સાબીત થાય છે.

(૪) મો.વ્હી.એ.ક.૧૪૦ હેઠળ પુરવાર કરવાના બધા જ તત્વો અરજદારે પુરવાર કરેલા હોઈ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા પ્રમાણે અરજદાર વચગાળાના વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે.

(૫) બનાવ વખતે વાહન સંડોવાયેલ હતુ અને સદર વાહનનો વીમો અકસ્માતની તારીખે અસ્તિત્વમાં હતો તેથી વીમા કંપની અરજદારને નાણાં ચુકવવા બંધાયેલી છે.હાલના ચુકાદાઓ મુજબ ૨૦૧૪(૩)જીએલઆર ૨૬૯૨ ધીરુભાઈ કરસનભાઈ ચાઉં વિરુધ્ધ કરમનભાઈ હરજીભાઈ પીપલીયા અને બીજાઓના ચુકાદા મુજબ ટ્રીબ્યુનલ

ફીકસ ડીપોઝીટનો હુકમ મો.વ્હી.એ.ક.૧૪૦ માં કરી શકે નહીં, આથી નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ અરજદારને મદદરૂપ થવાના હેતુસર તેઓને વચગાળાની વળતરની રકમના નાણાં રોકડા આપવાનું ઠરાવવામાં આવે છે અને સામાવાળાઓ પાસેથી અરજદારને સંયુકત અને વિભકત રીતે રૂા.૨૫,૦૦૦/–૯% ના વ્યાજ સાથે મળવાપાત્ર થાય છે તેથી નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>હુ ક મ</u>**

(૧) અરજદારની આંક.૫ ની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) સામાવાળાઓને ફરમાવવામાં આવે છે કે, તેઓએ મો.વ્હી.એ.ક.૧૪૦ મુજબ સંયુકત અને વિભકત રીતે અરજદારને વચગાળાની વળતરની રકમ રૂા.૨૫,૦૦૦/–(અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા)૯% ના વ્યાજસહીત ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ રકમ સામાવાળાઓએ ત્રણ માસમાં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.વળતરની રકમ જમા થયેથી જો અરજદારે કોર્ટ ફી જમા કરાવેલ ન હોય તો પ્રથમ તે કાપી લેવી અને ત્યાબાદ બાકીની રકમ અરજદારને એકાઉન્ટ પેયી ચેકથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૨ જી માહે ફેબ્રુઆરી સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(ધર્મેન્દ્ર સિંહ)**
પાંચમાં એડીશનલ સેશન્સ જજ
નડીઆદ.
કોડ નં. જીજે.૦૧૫૧૩

**તા.૨/૨/૨૦૧૮**
**નડીઆદ.**
એફએમયુ/પીએસ.
...